# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૨ તા.૨૨ -૦૭-૨૦૧૬

ફક્ત મ્યુનિસિપલ શાળાઓ માટે :-

આથી મ્યુનિસિપલ શાળાઓના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે વર્ષ 2016/17 ના બજેટમાં સેવાકાલીન શિક્ષક તાલીમ અંતર્ગત 8 દિવસની બ્લોક કક્ષાની અને 4 દિવસની ક્લસ્ટર કક્ષાની તાલીમની જોગવાઇ મંજૂર થયેલ છે. આ તાલીમના આયોજન અંગેની સમગ્ર વ્યહરચના નિયત કરવા એસએસએ અને જીસીઇઆરટીની તાલીમ શાખા દ્વારા પરામર્શ બેઠક યોજાયેલ હતી. ત્યારબાદ આ બેઠકમાં 8 દિવસની બ્લોક કક્ષાની અને 4 દિવસની ક્લસ્ટર કક્ષાની તાલીમ અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ આયોજન કરવા રાજ્ય સરકાર દ્વારા આદેશ કરવામાં આવેલ છે.

- ❖ બ્લોક કક્ષાની 8 દિવસની તાલીમ પૈકી
  - o પ્રથમ તબક્કામાં બે દિવસની તાલીમ " પઢે ભારત બઢે ભારત " કાર્યક્રમ અન્વયે ધોરણ 1 થી 8 ના પ્રજ્ઞા સહિતના તમામ શિક્ષકો ,મુખ્ય શિક્ષક તથા HTAT મુખ્ય શિક્ષક માટે, વાંચન, ગણન, લેખન અને નિદાન-ઉપચારાત્મક વિષયવસ્તું તથા સર્વાંગી શિક્ષણની તાલીમ 25 જુલાઇ 2016 થી ઓગસ્ટના બીજા સપ્તાહ સુધી રોટશનમાં નિયત વર્ગોમાં તાલીમ યોજવામાં આવશે. જે તાલીમનું આયોજન આ સાથે સામેલ છે તે મુજબ ધોરણ અને વિષય પ્રમાણે નિયત કરેલા સ્થળે તાલીમ મેળવવાની રહેશે. દર્શાવેલ ધોરણ/વિષયના શિક્ષકોને જ તાલીમમાં મોકલવાના રહેશે.
  - o બીજા તબક્કામાં ત્રણ દિવસની વિષયવસ્તું આધારિત તાલીમ પ્રજ્ઞા શિક્ષકો સિવાયના શિક્ષકો માટે ઓગસ્ટના ત્રીજા સપ્તાહથી ઓક્ટોબરના બીજા સપ્તાહ દરમ્યાન રોટશનમાં નિયત વર્ગોમાં તાલીમ યોજવામાં આવશે. જેનો વિગતવાર કાર્યક્રમ સીઆરસીના માધ્યમથી મોકલી આપવામાં આવશે.
  - o ત્રીજા તબક્કામાં ત્રણ દિવસની વિષયવસ્તું અને જનરલ વિષયો આધારિત તાલીમ પ્રજ્ઞા શિક્ષકો સિવાયના શિક્ષકો માટે નવેમ્બરના ત્રીજા સપ્તાહથી ડિસેમ્બરના બીજા સપ્તાહ દરમ્યાન રોટશનમાં નિયત વર્ગોમાં તાલીમ યોજવામાં આવશે. જેનો વિગતવાર કાર્યક્રમ સીઆરસીના માધ્યમથી મોકલી આપવામાં આવશે.
  - o પ્રજ્ઞા અભિગમ સાથે જોડાયેલ જુના શિક્ષકોની તાલીમ ઓગસ્ટથી ઓક્ટોબર દરમ્યાન તબક્કાવાર રાજ્ય કક્ષાના આયોજન મુજબ ગોઠવવામાં આવશે. જેની જાણ હવે પછી કરવામાં આવશે.
- ❖ ક્લસ્ટર કક્ષાની 4 દિવસીય તાલીમનું આયોજન
  - o ચાર દિવસીય ક્લસ્ટર કક્ષાની તાલીમ પૈકી 2 દિવસની તાલીમ પ્રથમ સત્રમાં સંભવિત ઓગસ્ટ અને ઓક્ટોબર માસમાં અને બાકી બે દિવસની તાલીમ બીજા સત્રમાં જાન્યુઆરી અને ફેબ્રુઆરી માસમાં યોજવામાં આવશે.
  - o પ્રથમ સત્રની ક્લસ્ટર કક્ષાની 2 એક દિવસીય તાલીમ અંગેનું તાલીમ સાહિત્ય બ્લોક કક્ષાની તાલીમના મોડ્યુલમાં સમાવિષ્ટ કરેલ હોઇ અલગથી મોડ્યુલ આપવાનું થતું નથી જેથી તાલીમ દરમ્યાન મોડ્યુલ સાથે રાખવાનું રહેશે.
  - o બ્લોક કક્ષાની તાલીમના તાલીમ સાહિત્યના વિષયવસ્તું પૈકી બાકી રહેતા વિષયવસ્તુંની તાલીમ ક્લસ્ટર કક્ષાની તાલીમમાં આપવામાં આવશે.
  - o ક્લસ્ટર કક્ષાની તાલીમમાં વિષયવસ્તું ઉપરાંત જે માસની તાલીમ સમયે તેના પહેલાના માસમાં થયેલ શૈક્ષણિક કાર્યના કઠિન બિંદુની સમીક્ષા/ચર્ચા તથા તે પછીના માસમાં કરવાના થતા શૈક્ષણિક કાર્યનું આયોજન અંગેના મુદ્દાઓની તાલીમ યોજવામાં આવશે.

ક્લસ્ટર કક્ષાની 4 દિવસીય તાલીમનું સમયપત્રક

| વિષય/વિષયવસ્તું | તાલીમના દિવસો | સંભવિત માસ | સંભવિત તારીખ | સ્તર | તાલીમાર્થી | તાલીમ સ્થળ | તાલીમનો સમય |
|---|---|---|---|---|---|---|---|
| ક્લસ્ટર કક્ષાની 1 દિવસીય તાલીમ | 1 દિવસ | ઓગસ્ટ | 6/8/2016 | સીઆરસી | ધોરણ 1 થી 8 ના તમામ શિક્ષકો | સીઆરસી સેન્ટર | 11 થી 5 |
| | 1 દિવસ | ઓક્ટોબર | 1/10/2016 | સીઆરસી | ધોરણ 1 થી 8 ના તમામ શિક્ષકો | સીઆરસી સેન્ટર | 11 થી 5 |
| | 1 દિવસ | જાન્યુઆરી | 7/1/2017 | સીઆરસી | ધોરણ 1 થી 8 ના તમામ શિક્ષકો | સીઆરસી સેન્ટર | 11 થી 5 |
| | 1 દિવસ | ફેબ્રુઆરી | 5/2/2017 | સીઆરસી | ધોરણ 1 થી 8 ના તમામ શિક્ષકો | સીઆરસી સેન્ટર | 11 થી 5 |

- ક્લસ્ટર કક્ષાની તાલીમ દરમ્યાન શાળાની મધ્યાહ્ન ભોજન સહિત સમગ્ર વ્યવસ્થા મુખ્ય શિક્ષક, પ્રવાસી શિક્ષકો અને એસએમસીના સભ્યોના મારફતે કરવાની રહશે.
- તાલીમના ખર્ચ અંગે
  - તાલીમમાં પ્રતિ શિક્ષક રૂ. 90 પ્રમાણેની ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવશે. તાલીમમાં પ્રતિ શિક્ષક રૂ. 40 ની મહત્તમ મર્યાદામાં અલ્પાહાર આપવાનું નક્કી કરેલ છે.
  - તાલીમમાં ઉપસ્થિત તાલીમાર્થી શિક્ષકોને શુદ્ધ, સાત્વિક અલ્પાહાર મળી રહે તે હેતુંસર અલ્પાહાર માટે નીચે મુજબની સમિતિનું જે તે તાલીમ સેન્ટર ખાતે નિર્માણ કરીને, તેમના દ્વારા તાલીમમાં હાજર તમામ શિક્ષકોને અલ્પાહાર આપવા અંગે યોગ્ય વ્યવસ્થા કરવા અને તે અંગેના પ્રતિ શિક્ષક મહત્તમ ખર્ચ રૂ. 40 ની મર્યાદામાં કરવાની નીતિ કરેલ છે.
  - અલ્પાહાર અને વ્યવસ્થપક સમિતિ
    - 1. વર્ગ સંચાલક ( સીઆરસી કો-ઓર્ડિનેટર )
    - 2. સ્થાનિક શિક્ષક / મુખ્ય શિક્ષક
    - 3. મહિલા શિક્ષિકા ( તાલીમાર્થી પૈકી 2 )
    - પુરૂષ શિક્ષક ( તાલીમાર્થી પૈકી 1 )
- અલ્પાહારનો સમય રિસેસ સમય દરમ્યાન ગોઠવવાનો રહેશે.
- વાહન ભથ્થું
  - નોકરીના સ્થળેથી તાલીમના સ્થળે આવવા જવાનું રોજે રોજ થતું ભાડું ( મહત્તમ રૂ. 45 ની મર્યાદામાં ) જ્યાં બસ સુવિધા અપ્રાપ્ય હોય તેવા વિસ્તારમાં તેમજ કોર્પોરેશન અને નગરપાલિકા વિસ્તારમાં તાલીમ સ્થળે આવવા જવાનું વ્યાજબી વાહનખર્ચ ચુકવવામાં આવશે.
  - વાહનભથ્થું જે તે હાજર તાલીમાર્થીના સેલેરી એકાઉન્ટમાં ઇ-ટ્રાન્સફર કરવામાં આવશે. માટે તાલામાર્થીએ પોતાનો સેલેરી એકાઉન્ટ નંબર, બ્રાન્ચનું નામ અને IFSC કોડ તાલીમના પ્રથમ દિવસે સ્થળ સંચાલકને આપવાના રહેશે. જો તે રજુ નહિ કરવામાં આવે તે તેની સમગ્ર જવાબદારી તાલીમાર્થીની રહેશે. આ તાલીમમોમાં તાલીમાર્થીને ડી.એ. ચુકવવાનું થતું નથી.
- તાલીમ દરમ્યાન કન્ટીજન્સી, સ્ટેશનરી અને અન્ય આવશ્યક/જરૂરિયાત મુજબના ખર્ચ અંગે
  - તાલીમમાં તાલીમ દરમ્યાન કન્ટીજન્સી, સ્ટેશનરી અને અન્ય આવશ્યક/જરૂરિયાત મુજબના આનુંસંગિક ખર્ચ માટે પ્રતિ શિક્ષક પ્રતિ દિવસ મહત્તમ રૂ. 5 નો ખર્ચ ઉપર જણાવેલ સમિતિના પરામર્શમાં રહીને કરવાનો રહેશે.
- રિસોર્સ પર્સનને પુરસ્કૃત કરવા અંગે
  - સીઆરજી તરીકે કામ કરનાર શિક્ષકોનો ઉત્સાહ ટકી રહે અને તેઓના કામની હકારાત્મક નોંધ લેવાય તે હેતુંથી શિક્ષક તાલીમમાં તજજ્ઞ તરીકે કામગીરી કરનાર શિક્ષકોને પુરસ્કૃત કરવા પ્રતિ દિવસ ઉચ્ચક રૂ. 50 લેખે વિશેષ પુરસ્કાર આપવામાં આવશે.
- તાલીમનો સમયગાળો
  - વર્ષ 2016-17 માં શિક્ષક તાલીમનો સમય શૈક્ષણિક સત્ર અનુસાર સવારે 11.00 કલાક થી 5.00 કલાક ( 30 મિનિટ રિસેસ સહિત ) નક્કિ કરવામાં આવે છે.
- તાલીમની આચારસંહિતાનો ચુસ્ત અમલ કરવાનો રહેશે.
  - તાલીમ દરમયાન તાલીમાર્થી વર્ગખંડમાં મોબાઇલનો ઉપયોગ કરી શકશે નહિ.
  - તાલીમના સ્થળે સમય મર્યાદામાં તાલીમ વર્ગખંડમાં હાજર રહેવાનું રહેશે.
  - તાલીમ દરમ્યાન મળેલ વિષયવસ્તુંનો વર્ગખંડમાં ઉપયોગ કરવાનો રહેશે.
  - તાલીમમાં ગેરહાજર કે વચ્ચેથી ગેરહાજર રહેનાર તાલીમાર્થીએ સ્વખર્ચે રજાના દિવસે તાલીમ મેળવવાની રહેશે.
  - તાલીમ દરમ્યાન ગેરહાજર રહેનાર તાલીમાર્થીએ અગાઉથી શાસનાધિકારી પાસે રજા મંજૂર કરાવી તેની એક કોપી વર્ગ સંચાલકને મોકલવાની રહેશે.
  - તાલીમના સ્થળ અને વર્ગખંડમાં સ્વચ્છતા જળવાય તે જોવાની આપણા સૌની જવાબદારી છે.

- તાલીમની હાજરી રાજ્ય કક્ષાએ 11.10 સુધીમાં જણાવી દેવાની હોવાથી તે પછી આવનાર શિક્ષકને ગેરહાજર ગણવામાં આવશે.
- તાલીમ દરમ્યાન હેન્ડ હોલ્ડીંગ મોનીટરીંગ સભ્ય તરીકે જે તે બીટના સુપવાઇઝર / મદદનીશ શાસનાધિકારીની જવાબદારી નક્કી કરવામાં આવે છે તો તેઓએ તાલીમના સ્થળે શરૂઆતના એક કલાક અગાઉ પહોંચી તાલીમ અંગેની સંપૂર્ણ આયોજનની ચકાસણી કરશે તેમજ આ હેન્ડ હોલ્ડીંગ મોનીટરીંગ સભ્ય તાલીમાર્થી શિક્ષકો સાથે સમૂહમાં ચર્ચા કરી તજજ્ઞને મદદરૂપ બનશે.
- રાજ્ય અને જિલ્લાની મોનીટરીંગ ટીમ દ્વારા કરવામાં આવેલ મોનીટરીંગના પત્રકોમાં સ્થળ સંચાલક અને તાલીમાર્થીની કોઇપણ પ્રકારની ત્રુટી કે સારી બાબતની ડેટા એન્ટ્રી ઓઆઇસી ટીટી દ્વારા કરીને રાજ્યની કચેરીએ મોકલવાની રહેશે.
- તાલીમના મોનીટરીંગ વખતે શિક્ષકોને સમૂહમાં ભેગા કરી વક્તવ્ય/સૂચનો આપવાના રહેશે નહિ એટલે કે તાલીમ દરમ્યાન માત્ર અને માત્ર તાલીમની ચર્ચા થાય તે જોવાની જવાબદારી સ્થળ સંચાલક અને હેન્ડ હોલ્ડીંગ પર્સનની રહેશે.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
અમદાવાદ

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

વાંચન, લેખન, ગણન અને નિદાન ઉપચારાત્મક તાલીમનું આયોજન

તાલીમ સ્થળોની યાદી

| પશ્ચિમ ઝોન | | | |
|---|---|---|---|
| બેચ | તાલીમની તારીખ | તાલીમ સ્થળ | તાલીમાર્થીનું ધોરણ/વિષય |
| 1 | 25-26/7/2016 | વાડજ ગુજ. શાળા નં ૩/૪ | ભાષા |
| 2 | 25-26/7/2016 | એલિસ. ગુજ. શાળા નં-૨/૨૪ | ધોરણ: ૧ |
| 3 | 27-28/7/2016 | સાબરમતી ગુજ. શાળા નં- ૫/૬ | એસ.એસ. |
| 4 | 27-28/7/2016 | શાહપુર ગુજ. શાળા નં. ૧૧/૧૨ | ધોરણ: ૨ |
| 5 | 1-2/8/2016 | વાસણા ગુજ. શાળા નં- ૩/૪ | ધોરણ: ૩ |
| 6 | 1-2/8/2016 | નારણપુરા ગુજ. શાળા નં. - ૪ | ગણિત અને વિજ્ઞાન |
| 7 | 3-4/8/2016 | વાસણા ગુજ. શાળા નં- ૩/૪ | ધોરણ: ૪ |
| 8 | 8-9/8/2016 | એલિસ. ગુજ. શાળા નં-૨/૨૪ | ધોરણ: ૫ |

| દક્ષિણ ઝોન | | | |
|---|---|---|---|
| બેચ | તાલીમની તારીખ | તાલીમ સ્થળ | તાલીમાર્થીનું ધોરણ/વિષય |
| 1 | 25-26/7/2016 | મણિનગર ગુજ. શાળા નં - ૪ | ભાષા |
| 2 | 25-26/7/2016 | કાંકરીયા ગુજ. શાળા નં. - ૧/૨ | ધોરણ: ૧ |
| 3 | 27-28/7/2016 | મણિનગર ગુજ. શાળા નં - ૪ | એસ.એસ. |
| 4 | 27-28/7/2016 | કાંકરીયા ગુજ. શાળા નં. - ૧/૨ | ધોરણ: ૨ |
| 5 | 1-2/8/2016 | જશોદાનગર ગુજ. શાળા નં - ૧/૨ | ધોરણ: ૩ |
| 6 | 1-2/8/2016 | બાગેફિરદોશ ગુજ. શાળા નં. - ૧ | ગણિત અને વિજ્ઞાન |
| 7 | 3-4/8/2016 | દાણીલીમડા ગુજ શાળા નં. - ૩ | ધોરણ: ૪ |
| 8 | 8-9/8/2016 | દાણીલીમડા ગુજ શાળા નં. - ૩ | ધોરણ: ૫ |

| ઉત્તર ઝોન | | | |
|---|---|---|---|
| બેચ | તાલીમની તારીખ | તાલીમ સ્થળ | તાલીમાર્થીનું ધોરણ/વિષય |
| 1 | 25-26/7/2016 | સરસપુર ગુજ શાળા નં - ૧૧ | ભાષા |
| 2 | 25-26/7/2016 | સૈજપુર ગુજ. શાળા નં - ૫ | ધોરણ: ૧ |
| 3 | 27-28/7/2016 | નરોડારોડ ગુજ. શાળા નં-૧ | એસ.એસ. |
| 4 | 27-28/7/2016 | સરસપુર ગુજ શાળા નં - ૧૧ | ધોરણ: ૨ |
| 5 | 1-2/8/2016 | અસારવા ગુજ. શાળા નં. - ૧૧ | ધોરણ: ૩ |
| 6 | 1-2/8/2016 | નરોડા ગુજ. શાળા નં. - ૧/૨ | ગણિત અને વિજ્ઞાન |
| 7 | 3-4/8/2016 | કુબેરનગર અંગ્રેજી શાળા નં. - ૧ | ધોરણ: ૪ |
| 8 | 8-9/8/2016 | સૈજપુર ગુજ. શાળા નં - ૫ | ધોરણ: ૫ |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

| પૂર્વ ઝોન | | | |
|---|---|---|---|
| બેચ | તાલીમની તારીખ | તાલીમ સ્થળ | તાલીમાર્થીનું ધોરણ/વિષય |
| 1 | 25-26/7/2016 | અમરાઈવાડી ગુજ. શાળા નં. ૧૬ | ભાષા |
| 2 | 25-26/7/2016 | અમરાઈવાડી ગુજ. શાળા નં. ૭ | ધોરણ: ૧ |
| 3 | 27-28/7/2016 | અમરાઈવાડી ગુજ. શાળા નં. ૧૬ | એસ.એસ. |
| 4 | 27-28/7/2016 | અમરાઈવાડી ગુજ. શાળા નં. ૭ | ધોરણ: ૨ |
| 5 | 1-2/8/2016 | બાપુનગર ગુજ. શાળા નં - ૧૩ | ધોરણ: ૩ |
| 6 | 1-2/8/2016 | પુરૂષોત્તમનગર ગુજ. શાળા નં. - ૧ | ગણિત અને વિજ્ઞાન |
| 7 | 3-4/8/2016 | બાપુનગર ગુજ. શાળા નં - ૫ | ધોરણ: ૪ |
| 8 | 8-9/8/2016 | અમરાઈવાડી ગુજ. શાળા નં. ૧૬ | ધોરણ: ૫ |

| હિન્દી ઝોનની શાળાઓ માટે | | | |
|---|---|---|---|
| બેચ | તાલીમની તારીખ | તાલીમ સ્થળ | તાલીમાર્થીનું ધોરણ/વિષય |
| 1 | 25-26/7/2016 | પ્રિતમપુરા ગુજ. શાળા નં. - ૧ | ભાષા |
| 2 | 25-26/7/2016 | અંબિકાનગર હિન્દી શાળા નં. - ૧ | ધોરણ: ૧ |
| 3 | 27-28/7/2016 | ખોખરા હિન્દી શાળા નં - ૨ | એસ.એસ. |
| 4 | 27-28/7/2016 | પ્રિતમપુરા ગુજ. શાળા નં. - ૧ | ધોરણ: ૨ |
| 5 | 1-2/8/2016 | ખોખરા હિન્દી શાળા નં - ૨ | ધોરણ : ૩ અને ગણિત/ વિજ્ઞાન |
| 6 | 1-2/8/2016 | પ્રિતમપુરા ગુજ. શાળા નં. - ૧ | ધોરણ: ૪ |
| 7 | 3-4/8/2016 | અંબિકાનગર હિન્દી શાળા નં. - ૧ | ધોરણ: ૫ |

| ઉર્દૂ ઝોનની શાળાઓ માટે | | | |
|---|---|---|---|
| બેચ | તાલીમની તારીખ | તાલીમ સ્થળ | તાલીમાર્થીનું ધોરણ/વિષય |
| 1 | 25-26/7/2016 | બહેરામપુરા ઉર્દૂ શાળા નં. - ૫ | ભાષા |
| 2 | 25-26/7/2016 | દરિયાપુર ઉર્દૂ શાળા નં. - ૨ | ધોરણ: ૧ |
| 3 | 27-28/7/2016 | બહેરામપુરા ઉર્દૂ શાળા નં. - ૫ | ધોરણ: ૨ અને એસ.એસ. |
| 4 | 1-2/8/2016 | દરિયાપુર ઉર્દૂ શાળા નં. - ૨ | ધોરણ: ૩ અને ગણિત/ વિજ્ઞાન |
| 5 | 3-4/8/2016 | બહેરામપુરા ઉર્દૂ શાળા નં. - ૫ | ધોરણ: ૪ |
| 6 | 8-9/8/2016 | દરિયાપુર ઉર્દૂ શાળા નં. - ૨ | ધોરણ: ૫ |